| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૨૧.૦° સે. |
| આહવા | ૩૭.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૧૮.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૧૮.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫




## વલસાડની દુકાનમાંથી ફ્રુટની ચોરી કરતો ચોર CCTVમાં કેદ



**લાકડા**-પ્લાસ્ટિકના બનાવેલા દરવાજા ખોલી વારંવાર ફ્રુટની ચોરી થતા માલિકે દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવ્યા હતા

વલસાડ : વલસાડના અટકપારડી ગામે આવેલી આર.ટી.ઓ કચેરી સામે ફ્રુટની દુકાનમાંથી અવારનવાર ચોરી થતા દુકાન માલિકે સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. દરમિયાન ફ્રુટની ચોરી કરતો એક સ્થાનિક ચોર સીસી ટીવી કેમેરામાં કેદ થતા દુકાન સંચાલકે પોલીસ ફરિયાદ નોંધવવાની તજવીજ હાથ ધરી છે.

વલસાડ-ધરમપુર રોડ પર અટકપારડી ગામે આરટીઓ કચેરી સામે ગણપત મોહન સાલવી નામના દુકાનદારની ફ્રુટની દુકાન આવેલી છે. ગણપત સાલવી કેળા, સફરજન, તરબૂચ સહિતના ફ્રુટ લાવીને વેચાણ કરીને પોતાનું અને તેના પરિવારનું ગુજરાન કરે છે. છેલ્લા કેટલાક દિવસથી ફ્રુટના વેપારીની દુકાનમાં લાકડા-પ્લાસ્ટિકના બનાવેલા દરવાજો ખોલી ફ્રુટની ચોરી થતી હતી. જેથી તેણે દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. તેમ છતાં પણ ફ્રુટ ચોરીનો સિલસિલો યથાવત રહ્યો હતો. ગતરોજ મોડીરાત્રે ફરી ફ્રુટની આ દુકાનના લાકડા-પ્લાસ્ટિકના બનાવેલો દરવાજો ખોલી અંદરથી ફ્રુટની ચોરી કરવા આવતો એક ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ દુકાનમાંથી ચોરી કરનાર સ્થાનિક ઈસમ ચોરી કરતો સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા દુકાન સંચાલક ગણપત સાલવીએ વલસાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવાની તજવીજ હાથ ધરી છે.

## વલસાડની ઇલેક્ટ્રોનિક્સની દુકાનમાં ચોરીનો પ્રયાસ

**દુકાનમાં** ચોરટાઓ ઘૂસ્યા પરંતુ સિક્યુરિટી એલાર્મ વાગતા ખાલી હાથે ભાગ્યા

**શહેરના** પોશ વિસ્તાર તિથલરોડ પર રાત્રે દુકાનનું તાળું તોડી ચોરીનો પ્રયાસ થયો તો પેટ્રોલિંગ કરતી પોલીસ ક્યાં સૂઈ ગઇ હતી

વલસાડ : વલસાડ શહેરના તિથલ રોડ પર આવેલી બ્લુમૂન નામની દુકાનમાં ચોરટાઓ ચોરી કરવા ઘૂસ્યા હતા, પરંતુ સિક્યુરિટી એલાર્મ અચાનક વાગતા ચોરટાઓ ખાલી હાથે ભાગ્યા હતા. એલાર્મ વાગતા ચોરીનો પ્રયાસ નિષ્ફળ થયો હતો. જોકે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. તિથલ રોડ પર બ્લુમૂન નામની ઈલેક્ટ્રોનિક્સની દુકાન આવેલી છે.

ગઈ કાલે ચોરટાઓ ચોરી કરવા માટે દુકાનનું તાળું તોડી અંદર ઘૂસ્યા હતા. અંદર જતાંની સાથે જ દુકાનમાં મુકેલુ સિક્યુરિટી એલાર્મ વાગતા ચોરટાઓ ખાલી હાથે ઉભી પૂંછડીએ ભાગ્યા હતા. જોકે, આ ઈલેક્ટ્રોનિક્સ દુકાનમાં લગાવાયેલા સિક્યુરિટી એલાર્મના કારણે મોટી ચોરી થતા અટકી ગઈ હતી. આ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. અહીં સવાલ એ થાય છે કે, શહેરના પોશ વિસ્તાર એવા તિથલરોડ પર રાત્રિ દરમિયાન દુકાનનું તાળું આરામથી તોડી ચોર અંદર ઘૂસ્યા, તો પેટ્રોલિંગ કરતી સિટી પોલીસ ક્યાં સૂઈ ગઈ હતી. મેઈન રોડની આ દુકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ પોલીસ પેટ્રોલિંગના ધજાગરા ઉડાવી રહ્યો છે.

માત્ર કાગળ ઉપર જ રાત્રિ દરમિયાન કડક પેટ્રોલિંગ કરતી સિટી પોલીસની ટીમ શું આ ઘટના બાદ હરકતમાં આવશે કે કેમ.? તેવું શહેરીજનો ગણગણી રહ્યા છે.

## GETCOના પ્રવહન માળખાના અપગ્રેડેશન માટે સરકારની રૂપિયા ૮૮૧૦ કરોડની ફાળવણી

**રાજ્યના** ૧૬,૭૧૭ ગામડાના ખેડૂતોને દિવસે વીજળી મળે છે, ૯૭ ટકા કામગીરી પૂર્ણ : ઊર્જામંત્રી કનુભાઇ દેસાઇ

વાપી : વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી મળવા અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે રાજ્યનાં કુલ 33 જિલ્લાના ૧૮,૨૨૫ પૈકી ૧૭,૨૨૭ ગામોમાં ખેતીવાડી વીજજોડાણ અપાયેલાં છે. જેમાંથી ૧૬,૭૧૭ એટલે કે આશરે ૯૭ ટકા ગામોને દિવસે વીજળી મળતી થઇ છે. જ્યારે બાકી રહેલા ત્રણ ટકા વિસ્તારોમાં આ કામગીરી પૂર્ણ કરવા જમીન અને કાયદાકીય પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાના પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ઊર્જા મંત્રીએ જણાવ્યું કે ખેડૂતોને રાત્રિના સમયે વીજ પુરવઠો આપવાના કારણે જાનવરોનો ભય, શિયાળાની કડકડતી ઠંડી અને રાત ઉજાગરામાંથી રાહત આપવા માટે રાજ્ય સરકારે નક્કર પગલાં તરીકે ‘કિસાન સૂર્યોદય યોજના’ અમલમાં મૂકી છે. જેના પરિણામે ખેડૂતોને દિવસે વીજળી મળતી થઇ છે અને તેનો ફાયદો ખેડૂતોને સામાજિક અને કુટુંબજીવનમાં પણ થયો છે.

વધુમાં, આ માટે રાજ્યની વીજ માંગને પહોંચી વળવા અને ભવિષ્યની પેઢીને પ્રદૂષણમુક્ત વાતાવરણ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોલસો, લિગ્નાઇટ જેવા પરંપરાગત ઊર્જા સ્ત્રોતોના સ્થાને સૌર ઊર્જા, પવન ઊર્જા જેવા બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોના ઉપયોગ પર ભાર આપવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં ખેતીવાડી વીજ વપરાશમાં ઉત્તરોત્તર વધારા અંગેની માહિતી આપતાં કનુભાઇએ કહ્યું કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૩૮૮ કરોડ યુનિટ, વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૨૫૯૯ કરોડ યુનિટ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૬૩૦ કરોડ યુનિટ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૨૦૧૬ કરોડ યુનિટ વીજ વપરાશ થયો છે. જ્યારે જાન્યુઆરી-૨૦૨૫માં મહત્તમ વીજમાગ ૧૦,૧૦૭ મેગાવોટ નોંધાઇ છે. આમ છતાં, મોટાભાગના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવામાં આવે છે.

### દિવસે વીજળી આપવાથી વીજલોડમાં વધારો

આ પ્રકારે દિવસે વીજળી આપવાથી આવનારા વધારાના વીજલોડને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં GETCOના પ્રવહન માળખાના અપગ્રેડેશન માટે કુલ રૂપિયા ૮૮૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે અને તે પ્રમાણે કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ રૂપિયા ૩૮૫૯ કરોડના ખર્ચે ૩૬૪૯ સર્કિટ કિ.મી. વીજરેષાઓ તથા 33 નવાં વીજ સબસ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે અંતર્ગત પાટણ જિલ્લાના ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કુલ રૂપિયા ૧૩.૬૬ કરોડ રૂપિયાના ખર્ચે ૬૬ કેવીની ૨૬.૧૫ સર્કિટ કિ.મી. નવીન વીજલાઇનની કામગીરી કરવામાં આવી છે તેમજ જિલ્લાના ૨૪,૩૮૪ ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવી છે તેમ કનુભાઇએ જણાવ્યું હતું.

## વલસાડ પોલીસે 13 ટીમ બનાવી 16 દિવસમાં 30 વોન્ટેડને ઝડપી પાડ્યા

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી અન્વયે વોન્ટેડને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું

### પોલીસની કઇ ટીમે કેટલા આરોપીઓને પકડ્યા

એલસીબી શાખા દ્વારા 5, એસઓજી શાખા-4, વલસાડ રૂરલ પો.સ્ટે. 5, ડુંગરી પો.સ્ટે. 1, પારડી પો.સ્ટે. 3, ધરમપુર પો.સ્ટે. 1, વાપી ટાઉન પો.સ્ટે. 4, વાપી જીઆઈડીસી પો.સ્ટે. 1, ભીલાડ પો.સ્ટે. 1, ઉમરગામ પો.સ્ટે.1, કપરાડા પો.સ્ટે.1, નાનાપોંઢા પો.સ્ટે.2, અને પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા 1 મળી કુલ 30 વોન્ટેડને ઝડપી પાડ્યા હતા.

વલસાડ : વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2025 અન્વયે કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને સ્થાનિક સ્વરાજય ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્વક થાય તે અનુસંધાને પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય, ગુજરાત રાજ્ય ગાંધીનગરની સૂચના તથા સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલા દ્વારા તા.5-2-25 થી તા.20-2-25 સુધી ભાગતા-ફરતા વોન્ટેડને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આધારે વલસાડ તથા વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષકની વિશેષ સૂચના અને માર્ગદર્શન આધારે એલસીબી, ફર્લો સ્કોડ, એસ.ઓ.જી. તથા જિલ્લાના પોલીસ સ્ટેશનો દ્વારા હ્યુમનસોર્સ, બાતમીદારો તથા ટેક્નિકલ ટીમની મદદ લઈ 16 દિવસમાં વલસાડ જિલ્લાના જુદા-જુદા પોલીસ સ્ટેશનોના ગુનાઓના કુલ 30 વોન્ટેડને ઝડપી પાડવામાં આવ્યા હતાં. પકડાયેલા વોન્ટેડ સામે વિવિધ પોલીસ સ્ટેશનોમાં અનેકવિધ ગુનાઓ વિવિધ કલમો હેઠળ નોંધાયેલા છે.

## ATMમાંથી નીકળેલી કતરાયેલી નોટ SBIએ ગ્રાહકને બદલી ન આપી

**લૂન્સીકૂઈની** સ્ટેટ બેંકમાં અધિકારીઓએ ચલકચલાણું રમાડી નોટ બદલી ન આપતાં પાંચસોનો ફટકો

નવસારી : અત્રેના લૂન્સીકૂઈ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના એટીએમમાંથી નીકળેલી કતરાયેલી 500 રૂપિયાની નોટ બદલી આપવામાં બેન્કના અધિકારીઓ ઠાગાઠૈયા કરતાં ગ્રાહકે અત્યારે તો 500 રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.

નવસારીના ઉમેશ ભાઈ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે ગઈ પહેલી ફેબ્રુઆરીએ શનિવારે સાંજે 5.30 વાગ્યાની આસપાસ શહેરના લૂન્સીકૂઈ વિસ્તારમાં આવેલા સ્ટેટ બેન્કના એટીએમમાંથી 10 હજાર રૂપિયા ઉપાડ્યા હતા. એટીએમમાંથી તેમને 500 રૂપિયાની 20 નોટ મળી હતી. જો કે એમાંથી 500 રૂપિયાની નોટ કતરાયેલી હોવાથી ત્યાં હાજર બેન્કના કર્મચારીને જાણ કરતાં એ કર્મચારીએ સોમવારે સવારે નોટ બેન્કમાંથી બદલી જજો એમ કહ્યું હતું. જો કે એ કર્મચારીએ નામ જણાવ્યું ન હતું અને ત્યાંથી જતો રહ્યો હતો. જો કે સોમવારે બેન્કમાં નોટ લઈને જતાં સ્ટેટ બેન્કમાં ખાતું હોય તો એમાં એ નોટ જમા કરાવી દેવાનું જણાવ્યું હતું. ઉમેશભાઈ કબીલપોર ખાતેની શાખામાં નોટ જમા કરાવવા ગયા, તો ત્યાંના અધિકારીએ જે એટીએમમાંથી નોટ નીકળી હોય, એ જ શાખામાં નોટ જમા કરાવવા જણાવ્યું હતું.

એ કારણે નોટ બદલાવવા માટે ઉમેશભાઈ લુન્સિકુઇ બ્રાન્ચ પર 6 વખત ગયા હતા. આખરે, ગઈ 21 મીએ લુન્સિકુઇ શાખાના બ્રાન્ચ મેનેજરને વાત કરતા તેમણે એટીએમ અમારી બ્રાન્ચનું નથી અને તમે મુખ્ય શાખામાં મળો એમ જણાવ્યું હતું અને 500 રૂપિયાની નોટનું પૂરતું વળતર નહીં મળશે એવું પણ જણાવી એટીએમમાં નીકળેલ નોટની જવાબદારીમાંથી બેંકના અધિકારી છટકી જાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો થતાં લોકો અકળાયા

નવસારી : નવસારી જિલ્લામાં એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો થતાં લોકો ગરમીમાં શેકાયા હતા. ગુરૂવારે મહત્તમ તાપમાન 34 ડિગ્રી હતું, જે શુક્રવારે વધીને 35.5 ડિગ્રીએ પહોંચ્યું હતું. એક જ દિવસમાં તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો થતાં લોકોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. જો કે લઘુતમ તાપમાનમાં 0.5 ડિગ્રીનો ઘટાડો થતાં રાત્રે થોડી ઠંડક વર્તાઈ હતી. જો કે દિવસ દરમિયાન પવન ખાસ નહીં ફૂંકાતાં ગરમીથી લોકો અકળાયા હતા.

### બીલીમોરામાં છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૫મી જન્મ જયંતિ ઉજવાઈ




બીલીમોરા : શ્રી છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૫મી જન્મ જયંતિ નિમિત્તે મહારાષ્ટ્રીય યુવા સંગઠન દ્વારા ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરમાં 400 થી વધુ બાઈક સાથે વિશાળ રેલીમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજનો રથ પણ શોભા આપી રહ્યો હતો. રેલી શહેરના મુખ્ય માર્ગોથી પસાર થઈને બીલીમોરા સ્ટેશન નજીક સ્થિત શ્રી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાએ પહોંચી, જ્યાં મુખ્ય મહેમાન નવનાથ ધામના છોટેદાદાએ પૂષ્પવૃષ્ટિ અને ફૂલહાર અર્પણ કરીને શ્રી છત્રપતિ શિવાજી મહારાજની વીરતા અને શૌર્યને યાદ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય અવસરે સૌએ “જય ભવાની, જય શિવાજી” ના નાદ સાથે સમગ્ર વાતાવરણને ગૂંજી ઉઠાવ્યું હતું. મહારાષ્ટ્રીય યુવા સંગઠનના સભ્યોની મહેનત અને સમર્પણથી આ કાર્યક્રમની સફળતા વધુ તેજસ્વી બની હતી સાથે સાથે બીલીમોરા નવનાથ ધામના ગાડીપાટી છોટેદાદાની વિશેષ ઉપસ્થિતિથી કાર્યક્રમ ભવ્ય બની ગયો હતો.

### ડાંગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય ઉજવણી




સાપુતારા : હિન્દુ સ્વરાજ્યનાં સ્થાપક, હિન્દુ હૃદયસમ્રાટ અને મરાઠા શાસનના ઉચ્ચ રક્ષક એવા છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ નિમિત્તે આહવા અને વઘઈનાં નગરજનો દ્વારા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી છત્રપતિ શિવાજી મહારાજની શોભાયાત્રા કાઢી હતી. ડાંગનાં વઘઈમાં અંબામાતાનાં મંદિરથી શોભાયાત્રાનો પ્રારંભ કરાયો હતો. જ્યારે આહવામાં સાપુતારા સર્કલથી શોભાયાત્રાનો પ્રારંભ કરાયો હતો. જે શોભાયાત્રામાં નગરના અનેક લોકો જોડાયા હતા. અને શિવાજી મહારાજ કી જય, જય ભવાની-જય શિવાજીનાં જયઘોષ સાથે શોભાયાત્રા જુદા જુદા વિસ્તારમાં ફરી હતી. બાદમાં છત્રપતિ શિવાજી મહારાજની પુજા અર્ચના કરી શોભાયાત્રા પુર્ણ કરાઇ હતી. ત્યારબાદ પ્રસાદીનું પણ આયોજન કરાયુ હતુ. જેમાં લોકોએ પ્રસાદીનો લાભ લઇને ધન્યતા પ્રાપ્ત કરી હતી. પ્રસંગને શોભાવવા વઘઇ અને આહવાનાં મરાઠા સેવા સંઘના મિત્ર મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે યશોદા દીદી તથા વિશ્વ હિન્દુ પરિષદ ડાંગનાં પ્રચારક મયુર ભાઈ કદમ તેમજ ભાજપાનાં મહામંત્રી હરિરામભાઈ સાંવત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### નવસારી જિલ્લામાં છ પોલીસ સબ ઇન્સ્પેક્ટરને ઇન્સ્પેક્ટરનું પ્રમોશન

નવસારી : રાજ્યમાં 159 પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને બઢતી આપીને પોલીસ ઈન્સ્પેક્ટર બનાવાયા છે. નવસારી જિલ્લામાં પણ 6 પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પ્રોત્સાહન આપી ઈન્સ્પેક્ટર બનાવાયા છે. નવસારી જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટરો પરાગ જી. ડાવરા, જે.વી ચાવડા, એસ.વી આહીર, સી.કે કાતરીયા, એમ.જી ગામીત અને ડી.એમ રાઠોડને પોલીસ સબ ઇન્સ્પેક્ટરમાંથી પોલીસ ઇન્સ્પેક્ટર તરીકેની બઢતી આપવામાં આવી છે.

## શૈક્ષિક મહાસંઘ વલસાડ જિલ્લા દ્વારા ધમકી આપવાના આક્ષેપ સાથે ટી.પીઓને રજૂઆત



વલસાડ : પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કપરાડાના સભ્ય બનેલા શિક્ષકને શિક્ષક સંઘની સભ્ય રસીદ ફાળવી ન હતી. જે બાબતે અન્ય સંઘના શિક્ષક દ્વારા ટેલિફોનિક ધમકી આપવાના આક્ષેપ સાથે શિક્ષક સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેનાં ભાગરૂપે અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ વલસાડ જિલ્લા મહામંત્રી રામુભાઇ પટેલ, અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ વલસાડ જિલ્લા સંગઠન મંત્રી કિરણભાઈ પટેલ, કપરાડા તાલુકા શૈક્ષિક મહાસંઘ અધ્યક્ષ કિરીટભાઈ સોલંકી સહિતનાઓએ કપરાડા તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર પાઠવી તપાસ કરી જરૂરી કાર્યવાહીની માંગણી કરી છે.

## દોષ નિવારણની વિધિના રૂપિયા નહીં આપનાર શખ્સ ઉપર કર્મકાંડી મહારાજનો હુમલો

**મહારાજે** માર મારી પિતાને ચપ્પુના ઘા માર્યા, વચ્ચે પડતા પુત્રીની પાછળ ઘસી જઇ તેના ગળે પણ ચપ્પુનો ઘા મારવાનો પ્રયાસ કર્યો

બીલીમોરા : દોષ નિવારણની વિધિના રૂપિયા નહીં આપનાર અમલસાડના શખ્સ ઉપર કર્મકાંડી મહારાજે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ભોગ બનનારે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ અમલસાડ કાયાતળાવ, બ્રહ્મા ટેકરી ફળિયામાં રહેતી દ્રષ્ટિબેન કમલેશભાઈ નાયક તેના પિતા કમલેશભાઈ નાયક સાથે અમલસાડ ફાટક સામે નજીકના ઝંડા ચોક પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે આરોપી સંદિપ દિનેશભાઈ રાવલ (રહે. મિસ્ત્રી બિલ્ડીંગ, બિલ્લીનાકા, બીલીમોરા) આવ્યો હતો અને કમલેશ નાયક પાસે એક વર્ષ અગાઉ કરાવેલા દોષ નિવારણની ધાર્મિક વિધિના રૂપિયાની માંગણી કરી હતી. મારી પાસે કરાવેલી વિધિના રૂપિયા કેમ નથી આપતા એવું કહી ઝઘડો કરવા લાગ્યો હતો. વાત બગડતા કમલેશ નાયકને ઢીકમુક્કીનો માર મારી ચપ્પુના ઘા માર્યા હતા. પિતાને મારથી બચાવવા પુત્રી વચ્ચે પડી હતી. પણ ઉશ્કેરાયેલા સંદીપ રાવળે દ્રષ્ટિ પાછળ ઘસી જઇ તેના ગળે પણ ચપ્પુનો ઘા મારવાનો પ્રયાસ કરી ત્યાંથી ભાગી ગયો હતો. આ બનાવની ફરિયાદ દ્રષ્ટિએ આરોપી સંદીપ રાવલ વિરુદ્ધ ગણદેવી પોલીસમાં કરતા પોલીસે તેની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દોષ નિવારણ માટે એક વર્ષ અગાઉ કમલેશ નાયકે બીલીમોરાના કર્મકાંડી બ્રાહ્મણ સંદીપ રાવલ પાસે વિધિ કરાવી હતી. પણ રૂપિયા આપતી વખતે હાલ મારી પાસે નથી, આવે એટલે આપુ એવું કહીને એક વર્ષથી વાયદા કરતો હોવાનું જાણવા મળે છે. આ કારણે ઝઘડો થયો હતો.

## વાપી રેલવે સ્ટેશનેથી મુસાફરોના મોબાઈલ ચોરનાર 3 ઝડપાયા

વાપી : વાપી રેલવે પોલીસ મથકમાં ટ્રેનમાં ચઢનારા તથા પ્લેટફોર્મ પર સૂતેલા મુસાફરોના મોબાઈલ ફોન ચોરી થયાના 3 ગુનાઓ નોંધાયેલા હતાં. આ ગુના ઉકેલી કાઢવા માટે વાપી રેલવે પોલીસના પીએસઆઈ જે.બી.મીઠાપરાના માર્ગદર્શન હેઠળ બાતમીદારોની મદદ મેળવી હતી. દરમિયાન વાપી રેલવે સ્ટેશનેથી 3 ઈસમ (1) રાકેશ શ્યામ ગુંજાલ (ઉં.38, રહે. સુરત) (2) સાહિલ શકીલ ખાન (ઉં.24, રહે. વાપી) અને (3) દિપક છત્રસીંગ સોલંકી (ઉં.28, રહે. સુરત,)ને ઝડપી પાડ્યા હતા. તેઓની અંગઝડતી કરતા ચોરી કરેલા 3 મોબાઈલ ફોન મળી આવ્યા હતાં. આ ફોન તેઓએ મુસાફરના ખિસ્સામાંથી ચોરી કર્યા હતા. પોલીસે 3 મોબાઈલ ફોન કબજે કરી ચોરીના બનેલા 3 ગુનાઓ ઉકેલી કાઢ્યા હતા.

## વલસાડ જિલ્લાની ગ્રામ પંચાયતોના વીસીઇ એસો.ની પડતર માંગણી બાબતે આવેદનપત્ર

વલસાડ : ગ્રામપંચાયતોમાં ફરજ બજાવતા વી.સી.ઈ.ને કમિશન નીતિથી શોષણ, લઘુત્તમ વેતન લાગુ કરવા, જોબ સિક્યુરિટી, સ્પીડ ધરાવતી ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપવી, કમિશન નીતિને દૂર કરવા સહિતના મુદ્દે ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક ઓપરેટર મંડલ વલસાડ એકમ દ્વારા ડી.ડી.ઓ.ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો માંગણીઓ સ્વીકારવામાં ન આવે તો 24 ફેબ્રુઆરીના રોજ કામગીરી બંધ રાખી ગાંધીનગર જવાની ફરજ પડશે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, વિકાસશીલ ગુજરાતમાં 14 હજાર ઉપરાંતની ગ્રામ પંચાયતોમાં છેલ્લા 18 વર્ષથી સરકારની વિવિધ યોજનાઓની ઘર-ઘર સુધી પહોંચાડતા વી.સી.ઈ. કમિશન બેઝ પોલિસીથી ફરજ બજાવી રહ્યા છે, ત્યારે વર્ષોથી તેમની કમિશન બેઝ પોલિસી હટાવી ફિક્સ વેતન લાગુ કરવામાં આવે, છૂટા કરેલા વી.સી.ઈ.ને પરત લેવા, આરોગ્યલક્ષી સુવિધા સાથે પરિવાર સહિત વીમા કવચ, કોરોનામાં મોતને ભેટેલા વી.સી.ઈ.ને આર્થિક સહાય આપવામાં આવે. આવેદનપત્રમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે એક જ યોજના (ઈ.ગ્રામ યોજના) હેઠળ કામ કરતા અન્ય કર્મચારીઓને પગાર અને લાભો આપવામાં આવે છે, જ્યારે મુખ્ય કામગીરી કરતા વી.સી.ઈ.ને માત્ર કમિશન આપવામાં આવે છે.

## ગણદેવીમાં અપહરણ અને લાજ લેવાના કેસમાં યુવાનનો નિર્દોષ છુટકારો

**ફરિયાદી,** પીડિતાની માતા, મેડિકલ સાહેદ અને તપાસ અધિકારીના મૌખિક પુરાવામાં મહત્વના મુદ્દે વિરોધાભાસને કારણે નિર્દોષ છુટકારો

નવસારી : ત્રણ વર્ષ પહેલાં ગણદેવીમાં એક સગીરાનું અપહરણ કરી તેની લાજ લેવાના કેસમાં આક્ષેપિત યુવાનને એડવોકેટ વિજય નાઈકની દલીલોને ગ્રાહ્ય ગણી પોક્સો કોર્ટે નિર્દોષ છોડ્યો હતો.

2022 નાં વર્ષમાં ગણદેવીમાં રહેતી સગીરા તેની ઘરેથી લાયબ્રેરી બુક લેવા જતી હતી, ત્યારે આક્ષેપિત વિક્રમ ઉર્ફે ભલિયો વાલજી ભરવાડ એ સગીરાની લાજ લૂંટવાના ઈરાદે સગીરાને તેના ટેમ્પામાં બેસાડી અપહરણ કરી સગીરા સાથે અણછાજતું વર્તન કર્યું હતું. આ કેસ પોકસો એક્ટ હેઠળ કેસ ચાલી જતાં આરોપી તરફે યુવા એડવોકેટ વિજય નાઈકએ દલીલ કરી હતી.

આક્ષેપિતના એડવોકેટ વિજય નાઈકના જણાવ્યા પ્રમાણે ભોગબનનાર તથા તપાસવામાં આવેલ ફરિયાદી, ભોગ બનનારની માતા, મેડીકલ સાહેદ તથા ત.ક.અમલદારનાં મૌખિક પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસ જણાઈ આવેલ છે અને ભોગબનનારના મૌખિક પુરાવા તથા બનાવના આખા ઘટનાક્રમ બાબતે શંકાઓ ઉપસ્થિત થાય છે. પોકસો એકટની કલમ-૮ મુજબનાં ગુનાનાં કોઈ તત્વો ભોગ બનનાર સહિતનાં સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે આરોપી વિરૂધ્ધ આકર્ષાતા નથી અને તે ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલો નથી. જેથી આરોપીને પોક્સો કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો.